# અમરેલી કોંગ્રેસમાં ભડકો : ૧૫૦ સભ્યોએ રાજીનામા આપ્યા

**સહકારી નેતા દિપક માલાણીને પક્ષે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરતા ૧૫૦થી વધુ કાર્યકર દ્વારા રાજીનામા આપી દેવાયા**

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીના ગઢ અમરેલીમાં ફરી એકવાર ગાબડું પડ્યું છે. સાવરકુંડલા તાલુકાના બે જિલ્લા પંચાયતના સભ્ય સહિત ૧૫૦ કોંગ્રેસના કાર્યકરોએ એકસાથે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. સહકારી નેતા દિપક માલાણીને કોંગ્રેસ સસ્પેન્ડ કરતા કાર્યકરોએ નારાજગી દર્શાવતા રાજીનામા આપી દીધા હતા. લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસમાં એક પછી એક આગેવાનો, નેતાઓ અને કાર્યકરો રાજીનામાં ધરી દેવાનો સિલસિલો જારી રહેતાં કોંગ્રેસની છાવણીમાં ભારે ચકચાર મચી ગઈ છે. સ્થાનિક સહકારી નેતા દિપક માલાણીને કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવતાં સ્થાનિક કક્ષાએ આ નિર્ણયનો ઉગ્ર અને જોરદાર વિરોધ થયો હતો. અમરેલી જિલ્લા પંચાયતની વિજપડી અને આંબરડી બેઠકના સદસ્ય માલાભાઈ અને રમીલાબેન માલાણીએ પણ રાજીનામું આપી દીધું હતું. સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપ દુધાતના વિસ્તારમાં કોંગ્રેસને ફટકો પડ્યો છે. ૨૦૧૯ની ચૂંટણી ટાણે જ કોંગ્રેસના કાર્યકરોએ રાજીનામા આપતા રાજકારણ ગરમાયું છે. આ માટે જૂના કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બેઠક મળી હતી તેમાં આ નિર્ણય લેવાયો હતો. આજે નારાજ કોંગી કાર્યકરોની મહત્વની બેઠક મળી તેમાં કોંગ્રેસ પક્ષના મનસ્વી રીતે સસ્પેન્શનના નિર્ણય સામે ભારે નારાજગી સામે આવી હતી. કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ ઉગ્ર રોષ વ્યકત કરી પક્ષની આ પ્રકારની નીતિરીતિ સામે વાંધો ઉઠાવ્યો હતો અને સામૂહિક રાજીનામાનો નિર્ણય લીધો હતો.

# ભાનુશાળી હત્યા મામલે કચ્છના કોન્સ્ટેબલની સંડોવણી ખુલી

અમદાવાદ, તા.૧૮

કચ્છના અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળી હત્યા કેસમાં આરોપી છબીલ પટેલની ધરપકડ થયાં પછી સીટ સમક્ષ એક પછી એક નવા ચોંકાવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે. સીટના અધિકારીઓએ છબીલના રિમાન્ડ લેતાં મહત્વનો ખુલાસો કર્યો છે કે, કચ્છ પોલીસે જ શાર્પશૂટરોને મદદ કરી હતી. કચ્છ એલસીબીના કોન્સ્ટેબલ જયંતિએ બિનવારસી બાઈક પકડી પોલીસ ચોપડે નોંધવાને બદલે તે બાઈક શાર્પશૂટરોને ભાગવા માટે આપ્યું હતું. સીઆઈડીએ તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપી પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલની ભલામણથી થોડા સમય પહેલાં કોન્સ્ટેબલ જયંતીને એલ.સી.બીમાં ટ્રાન્સફર કરાયો હતો.

કોન્સ્ટેબલ જયંતીએ એલ.સી.બીમાં રહી એક નંબર પ્લેટ વગરનું બિનવારસી બાઈક કબ્જે કર્યું હતું. જેને પોલીસ ચોપડે ચડાવવાને બદલે ભાનુશાળીની હત્યા કરનારા શાર્પશૂટરોને હત્યા કરી ભાગવા માટે આ બાઈક આપ્યું હતું. સીઆઈડીએ શાર્પશૂટરોને મદદ કરવાના ગુનામાં કોન્સ્ટેબલ જયંતી પર કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. પરંતુ કોન્સ્ટેબલ જયંતીની રાજકીય વગ હોવાના કારણે કચ્છ એસ.પી. પણ તેના પર કાર્યવાહી કરવામાં આંખ આડા કાન કરી રહ્યા છે.

સીઆઈડીએ નોટિસ આપી એસ.પી.ને કાર્યવાહી કરવા કહ્યું છે પરંતુ પોલીસ બેડામાં તો એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે એસ.પી. પોતે જ કોન્સ્ટેબલ જયંતીને બચાવી રહ્યા છે. સીટની તપાસમાં થઈ રહેલા એક પછી એક મહત્વના ખુલાસાઓને લઈ કેસમાં નવા વળાંક આવી રહ્યા છે, આગામી દિવસોમાં હજુ વધુ મહત્વની જાણકારીઓ સામે આવે તેવી પૂરી શકયતા છે.



## અભિનેત્રી પ્રાંજલ ભટ્ટનું ગૌરવપદ સન્માન

ટ્રાન્સ મિડીયાના એવોર્ડ સમારોહમા શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મેળવનાર ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ઓઢવ અમદાવાદ દ્વારા સન્માનીત કરી તેમનું ગૌરવપદ અભિવાદન કરવામાં આવ્યું હતું.

# ટીંટોઈ ગામે સોલાર લાઈટની ૧૫ હજારની ત્રણ બેટરીની તસ્કરી : ચોર સીસીટીવી કેમેરામાં કેદ

મોડાસા, તા. ૧૮

મોડાસાના ટીંટોઈ ગામમાં તસ્કરો મામાનું મોસાળ સમજતા હોય તેવો ઘાટ સર્જાયો છે. સતત ઉપરા-છાપરી લૂંટની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. ટીંટોઈ ગામ વસ્તીની દ્રષ્ટિએ તાલુકાનું સૌથી મોટું ગામ હોવાથી આઉટ પોલીસ સ્ટેશન આવેલું હોવા છતાં જાણે ખાખીનો ખોફ જ ના હોય તેવી રીતે બિન્દાસ્ત રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી લૂંટ ચલાવી રફુચક્કર થાય છે. પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરીના પગલે ગ્રામજનોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળી રહ્યા છે. ટીંટોઈ ગામમાં મકાનોમાં, દુકાનોમાં, મંદિરમાં ચોરી પછી ગામમાં લગાવેલી સોલાર લાઈટની ત્રણ બેટરીની પણ લૂંટ ચલાવતા ગ્રામજનો ભગવાન ભરોશે લાગી રહ્યા છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

ટીંટોઈ ગામમાં નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. ટીંટોઈ ગ્રામપંચાયત દ્વારા વીજબીલ બચાવવા લગાવેલી સોલાર લાઈટની બેટરી પણ તસ્કરોએ છોડી નથી. ટીંટોઈ ગામમાં બાઈક પર આવેલા બે



લૂંટારૂઓએ મેઈન બજાર, બસ સ્ટેન્ડ અને કેનાલ વિસ્તારમાં લગાવેલી ત્રણ સોલાર લાઈટની ૩ બેટરી અંદાજિત રૂ.૧૫૦૦૦/-ની લૂંટ ચલાવી આરામથી ફરાર થઈ જતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ટીંટોઈ ગામમાં અગાઉ પણ થયેલી ચોરીના સીસીટીવી કેમેરામાં ચોર કેદ થયા હતા તેમ છતાં પોલીસનો ચોર-લૂંટારુ ગેંગને પકડવામાં પનો ટૂંકો પડતા અને લૂંટની ઘટનાઓને અંજામ આપતા તસ્કરોને પકડવામાં નિષ્ફળ રહેતા ટીંટોઈ ગ્રામજનોએ પોલીસતંત્રે ચોરો સામે ઘૂંટણિયા ટેકવી દીધા હોય તેવો માહોલ જોવા મળતા ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા હોવાનું ગામના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું.

# ભાજપમાં નારાજ લોકો માટે કોંગ્રેસના દરવાજા ખુલ્લા છે

**નીતિન પટેલથી માંડી અસંખ્ય લોકો નારાજ : હાર્દિક : ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના ફેસબુક તેમજ ટ્વીટર ઉપર યુવા શક્તિ કી બાત પ્રોગ્રામ હેઠળ હાર્દિક પટેલનું સંબોધન**

અમદાવાદ,તા. ૧૮

કોંગ્રેસમાં જોડાયા બાદ હાર્દિક પટેલ આજે રાજકોટ મુલાકાતે હતો તે દરમ્યાન તેણે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવા સાથે ભાજપમાં નારાજ અને શોષણ કે ઉપેક્ષાનો ભોગ બની રહેલા લોકોને કોંગ્રેસના દરવાજા ખુલ્લા હોવાનો સાફ સંકેત આપ્યો હતો. ઈન્ડિયન યુથ કોંગ્રેસના લાઈવ વીડિયો કોન્ફરન્સના કાર્યક્રમને અનુસંધાને પ્રથમ વખત હાર્દિક રાજકોટ આવ્યો છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, ભાજપમાં નીતિન પટેલથી માંડી અસંખ્ય લોકો નારાજ છે. ભાજપના નારાજ નેતાઓ યોગ્ય સમય અને યોગ્ય તકની રાહ જોઈ રહ્યા છે. આવા નેતાઓ માટે કોંગ્રેસના દરવાજા ખુલ્લા છે. ટૂંક સમયમાં દેશમાંથી તાનશાહી સરકારનો અંત આવશે. હાર્દિક પટેલે એક તબક્કે વડાપ્રધાન મોદી પર પણ સીધો પ્રહાર કરતાં જણાવ્યું કે, દેશના ચોકીદાર છે તો કેમ રાફેલની ફાઈલ ચોરાઈ ગઈ. ગઈકાલે અમદાવાદમાં પાસના સ્નેહમિલન કાર્યક્રમમાં તેના વિરોધ મુદ્દે હાર્દિકે સ્પષ્ટ કર્યું કે, લોકશાહી દેશમાં વિરોધ કરવાનો દરેકને હક છે. હું મારો વિરોધ કરનાર એક પણ વ્યક્તિને રોકીશ નહીં. જીતુ વાઘાણીના નિવેદન પર જણાવ્યું હતું કે, પાર્ટીના વરિષ્ઠ નેતાઓને આ મામલે રજૂઆત કરીશ. આચારસંહિતા લાગુ થયા બાદ પણ સીએમ બંગલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આવતીકાલે હાઈકોર્ટમાં મારી તારીખ છે, મને ખ્યાલ નથી કે ન્યાયાલય મને ચૂંટણી લડવાની મંજૂરી આપશે કે નહીં તે અનિશ્ચિતતા હોવા છતાં હું કોંગ્રેસ પાર્ટીમાં જોડાયો છું. મેં જામનગરથી ચૂંટણી લડવાની ઈચ્છા પાર્ટીના હાઈકમાન્ડની કરે છે. યુવાનોને સંબોધન કરવાનો છું તે કાર્યક્રમનું નામ યુવા શક્તિ રાખ્યું છે. કોંગ્રેસ પાર્ટી વધુને વધુ યુવાનોને તક આપવા ઈચ્છી રહી છે. ભાજપે સરકારી બસનો ઉપયોગ ન કરવો જોઈએ. ભાજપે જાહેરાતો પાછળ અબજો ખરબો રૂપિયા ખર્ચ્યા છે. ભાજપ કોંગ્રેસના નેતાઓને ખરીદી રહી છે. હાર્દિક ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના ફેસબુક અને ટ્વીટર પર યુવા શક્તિ કી બાત પ્રોગ્રામ હેઠળ સંબોધન કરી કોંગ્રેસ તરફી લોકજુવાળમાં લાગી ગયો છે. ખાસ કરીને યુવાશક્તિને તે આકર્ષવા માટે ભારે મહેનત કરી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા લોકસભાની ચૂંટણીને લઈને હાર્દિકને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે, તેને લઈ હાર્દિક તેના વિરોધ વચ્ચે પણ કોંગ્રેસપક્ષના ચૂંટણી પ્રચારમાં જોતરાયો છે.

# સાગપુર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

તલોદ, તા. ૧૮

તલોદ તાલુકાના સાગપુર ખાતે તાલુકા હેલ્થ કચેરી દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન




કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનો ૪૪૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

તલોદ તાલુકામાં જિલ્લા આરોગ્ય અધિકારી સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ, તાલુકા હેલ્થ ઓફિસ, તલોદ દ્વારા રોગ નિદાન કેમ્પ માધ્યમિક શાળા-સાગપુર મુકામે યોજવામાં આવ્યો હતો. જેમાં સી.એચ.સી.ના અધિક્ષક ડૉ. રોહિત ઉપાધ્યાય તેમજ હેલી હોસ્પિટલના ડૉ. મિલન પંચાલ, બાળરોગ નિષ્ણાંત બેબી કેર હોસ્પિટલના હિરેન બી. પટેલ, જનરલ સર્જન, આંખ સર્જન, એમ.ડી. ફીજિશીયન અને કાર્ડિયોલોજીસ્ટ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિ.જે. મુગડ અને પ્રા.આ. કે.ના મેડીકલ ઓફિસરો અને રોઝડ પ્રા.આ.કે.નો સ્ટાફ અને તાલુકા હેલ્થ ઓફિસનો સ્ટાફ પણ હાજર રહ્યો હતો અને સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

આ કેમ્પમાં કુલ ૪૪૫ લાભાર્થીઓએ સેવા લીધી હતી. સાગપુર માધ્યમિક શાળાના સ્ટાફમિત્રો અને પ્રિન્સિપાલે સાથ સહકાર આપ્યો હતો. સદર કાર્યક્રમનું સંચાલન ટી.આઈ.સી.ઓ.એ કર્યુ હતુ.

# બનાવટી લાઈસન્સ કૌભાંડમાં એજન્ટ-ઓપરેટરની ધરપકડ

**૨૦૧૮માં ક્રિસમસની રજા વેળા ૮૪ બનાવટી લાઈસન્સ ઈશ્યુ : મહેન્દ્ર ઉર્ફે પાજી જાદવ, રાકેશ પટણીની ધરપકડ**

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ આરટીઓ કચેરીમાં બોગસ લાઈસન્સ કૌભાંડમાં આરોપી એજન્ટ અને ઓપરેટરની ધરપકડ થતાં ખળભળાટ મચી ગયો છે. શહેરના સુભાષબ્રિજ પર આવેલી આરટીઓમાં વર્ષ ૨૦૧૮માં નાતાલની રજાઓ દરમિયાન આરટીઓ કચેરીના સોફ્ટવેરમાં પાસવર્ડ નાખી કુલ ૮૪ જેટલા બેકલોગ કરી લાઈસન્સ ઈશ્યુ કરાયા હતા. આ કૌભાંડ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદના એજન્ટ તેમજ અગાઉ ભૂજ આરટીઓમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા યુવકની ધરપકડ કરી છે. જેને પગલે સમગ્ર આરટીઓ કચેરી અને આરટીઓ વર્તુળમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. વર્ષ-૨૦૧૮માં નાતાલની બે દિવસની રજા દરમિયાન કોઈ અજાણી વ્યક્તિએ અમદાવાદ આરટીઓમાં સારથી-૪ સોફ્ટવેરમાં પાસવર્ડ નાખી કુલ ૮૪ જેટલી બેકલોગ એન્ટ્રી દ્વારા બોગસ લાઈસન્સ ઈશ્યુ કર્યા હતા. જે મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ કે.જી ચૌધરી અને ટીમે આરટીઓમાં સીસીટીવી અને ટેક્નિકલ મદદથી મહેન્દ્ર ઉર્ફે પાજી જાદવ (ભરવાડ, રહે-હિલવ્યુ રેસિડેન્સી,ભૂજ) અને રાકેશ પટણી (રહે.બોરડીવડનગર સોસાયટી, સરસપુર)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી લેપટોપ અને મોબાઈલ ફોન કબ્જે કર્યા હતા. આરોપી મહેન્દ્ર ૨૦૧૦થી ૨૦૧૮ સુધી ભૂજ આરટીઓમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. જ્યારે રાકેશ અમદાવાદ આરટીઓમાં ૬ વર્ષથી એજન્ટ તરીકે કામ કરે છે. આરટીઓના કામ અર્થે બંને એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ઝડપથી પૈસા કમાવવા માટે રાકેશ પટણીએ રજાના દિવસનો લાભ લઈ કોમ્પ્યુટર ઓપરેટરના ટેબલ પરથી સોફ્ટવેર યુઝર આઈડી અને પાસવર્ડ મેળવ્યા હતા. રાકેશે વોટ્સએપ દ્વારા યુઝર આઈડી અને પાસવર્ડ મહેન્દ્રને મોકલ્યા હતા. મહેન્દ્રએ તેના આધારે સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રી કરી બોગસ લાઈસન્સ બનાવ્યા હતા.

બંને આરોપીઓએ અમદાવાદ અને રાજ્યના અન્ય શહેરોમાં આવેલી આરટીઓ કચેરીમાં બેકલોગ એન્ટ્રીઓ કરી ખોટા લાઈસન્સ ઈશ્યુ કર્યા હોવાનું સામે આવ્યું છે. ગાંધીધામ આરટીઓમાં પણ ૨૪૮ જેટલી બોગસ એન્ટ્રીઓ થઈ હોવાની ફરિયાદ અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જેમાં આ બંને આરોપી હોવાનું પૂરપેરી શક્યતા છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આગામી દિવસોમાં સમગ્ર કૌભાંડમાં ચોંકાવનારી વિગતો ખુલે તેવી શકયતા છે.



અમદાવાદની એક કોલેજના વિદ્યાર્થીઓએ હોળી-ધુળેટીની ઉજવણી પહેલાથી જ કરી લીધી છે.

# લટાર મારવા નીકળેલ ૧૦ સિંહોનું ટોળું કેમેરામાં થયું કેદ

થોડા દિવસ પહેલા ધારીના આંબરડી નજીક દસ સિંહોના ટોળાનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો ત્યારે વધુ આંબરડી નજીક ૧૦ સિંહોના ટોળાનો વધુ એક વીડિયો વાયરલ થયો છે. વહેલી સવારે સિંહોએ આંબરડી નજીકના વિસ્તારમાં લટાર મારી હતી. આ દ્રશ્યો રસ્તા પરથી પસાર થતાં સ્થાનિકે કેમેરામાં કેદ કરી દીધી હતી. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, સિંહણ સાથે નાના નાના સિંહબાળ લટાર મારવા માટે નીકળી પડ્યા છે. અમરેલી જિલ્લાના ધારીના આંબરડી નજીક ૧૦ સિંહોનું ટોળુ જોવા મળ્યું હતું. મળતી માહિતી પ્રમાણે નાના નાના સિંહબાળોને લઈને સિંહણએ આંબરડી નજીક ધામા નાખ્યા છે.

આ દ્રશ્યને જોઈને સિંહ પ્રેમીઓમાં ખુશીની લહેર ફેલાઈ હતી. ઉલ્લેખનીય છે કે, એક સાથે બાર સિંહો દેખા દેતા સિંહોની સંખ્યામાં વધારો થતો નજરે ચડ્યો હતો. દલખાણીયામાં ૨૩ સિંહોના મોત બાદ ધારી વિસ્તારમાં એક સાથે મોટી સંખ્યામાં સિંહોના ટાળા જોવા મળ્યાનો અદભુત નજારો સર્જાયો હતો.આવી જ રીતે થોડા દિવસ પહેલા જ આ ટાળું વહેલી સવારે લટાર મારવા માટે નીકળ્યું હતું.

# એચડીએફસી બેન્કે પરિવર્તન 'ટીચીંગ ધ ટીચર્સ' પ્રોગ્રામ હેઠળ નવચાર પુસ્તિકા લોન્ચ કરી

એચડીએફસી બેન્કે તાજેતરમાં નવચાર પુસ્તિકા નામની શિક્ષણના નવીન આઈડીયા ધરાવતો એક મેન્યુઅલ લોન્ચ કર્યો છે. નવચાર પુસ્તિકા (નવીનીકરણ હહેન્ટબુક) એ શિક્ષણના નવીન આઈડીયાઓનું એકત્રીકરણ છે જેમાં શિક્ષકો દ્વારા જ યોગદાન આપવામાં આવ્યું છે. આ વિના મૂલ્યના ઊંચી અસર કરતા આઈડીયા એચડીએફસી બેન્કના 'ટીચીંગ ધ ટીચર' (3T) પ્રોગ્રામ, બેન્કના સીએસઆર છત્ર #Parivartan હેઠળનો છે. (3T) પ્રોગ્રામ શ્રી ઔરોબિંદો સોસાયટીના સહયોગથી ચલાવવામાં આવે છે.

(3T) હેઠળ ૧૮ રાજ્યોના ૧૪ લાખથી વધુ શિક્ષકોને તેમની પાસેથી આઈડીયા મંગાવીને તાલીમ આપવામાં આવી છે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવાના હેતુથી શાળાઓમાં પસંદગીના આઈડીયાઓને અમલી બનાવવામાં આવ્યા છે.

આ પ્રોગ્રામથી પહેલેથી જ ૬ લાખ સરકારી શાળાઓના ૧.૬ કરોડ વિદ્યાર્થીઓને લાભ થયો છે. ટોચના ૬૦૦ જેટલા ભાગ લેતા શિક્ષકોને નવી દિલ્હી ખાતે ૩ દિવસના તાલીમ વર્કશોપમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં એચડીએફસી બેન્કના સીએસઆર ગ્રુપ વડા કુ. આશિમા ભાટ અને શ્રી ઔરોબિંદો સોસાયટીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર સંભ્રાંત શર્મા દ્વારા પ્રત્યેક ૧૮ રાજ્યો માટેના ઈનોવેશન મેન્યુએલને લોન્ચ કરવામાં આવ્યો હતો.

## સટ્ટાબજાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પડશે. સટ્ટાબજારના સુત્રોની વાત માનવામાં આવે તો કોંગ્રેસને પહેલા કરતા પણ ઓછી સીટો મળી શકે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. પહેલા ૧૦૦ની સામે કોંગ્રેસ ૭૨થી ૭૪ બેઠકો પર જ રહી શકે છે. રાજસ્થાનની વાત કરવામાં આવેલા તો સટ્ટા બજાર અનુસાર રાજ્યની કુલ ૨૫ સીટોમાંથી ૧૮થી ૨૦ બેઠકો પર ભાજપની જીત થઈ શકે છે. સટ્ટાબજાર આનો શ્રેય પુલવામામાં આત્મઘાતી હુમલા બાદ બાલાકોટમાં ભારતીય હવાઈ દળ દ્વારા એરસ્ટ્રાઈકને આપી રહ્યા છે. તેમનું માનવું છે કે, આ ઘટના બાદ ભાજપ તરફથી માહોલ દેશભરમાં દેખાઈ રહ્યો છે. મતદારોને લાગે છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા કરતા વધુ મજબૂતી સાથે ઉભરી રહ્યા છે.

ફોલોડીના બુકીનું એર સ્ટ્રાઈક પહેલા અનુમાન હતું કે, એનડીએને લગભગ ૨૮૦ બેઠકો મળશે અને ભાજપને ૨૦૦થ વધુ બેઠકો મળશે. બુકીઓના મત અનુસાર હવે મતદારોનો મૂડ હવે બદલાઈ રહ્યો છે. લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ સટ્ટાબજાર જોર પકડી રહ્યું છે. એર સ્ટ્રાઈક બાદ દેશભરમાં રાષ્ટ્રવાદની ભાવના પ્રવર્તી રહી છે. લોકસભાની ચૂંટણીને લઈને હવે દેશભરમાં માહોલ જામી રહ્યો છે. લોકસભા ચૂંટણીના સમરમાં ૧૦૦ સીટો ભાજપ અને કોંગ્રેસ માટે ખુબ મહત્વપૂર્ણ છે. જ્યાં હાર જીત માટેનું અંતર ૧૦ ટકા કરતા ઓછુ રહ્યું છે. ચૂંટણીમાં દેશની ૧૦૦ સીટો ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા થનાર છે. કોંગ્રેસની નજર આશરે ૫૬ એવી સીટો ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે જ્યાં તે ૮૦૦૦૦ અથવા તો ઓછા મતથી હારી છે.

## પસંદગી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ બન્ને આગેવાનોએ હાલ તો જનસંપર્ક સઘન પણ બનાવી દીધો છે. બંને આગેવાનોની અલગ-અલગ ઓળખ રહી છે.

હિમાંશુ પટેલ વિદ્યાર્થી અગ્રણી ઉપરાંત સહકારીક્ષેત્રે પણ સારી એવી નામના ધરાવે છે તો અધિકારીમાંથી રાજકારણી બનેલા ડૉ. સી.જે. ચાવડા ગાંધીનગરના ધારાસભ્ય પદે બીજીવાર ચૂંટાઈને આવ્યા છે. તેઓ મિલનસાર સ્વભાવ ઉપરાંત સારા સંગઠક પણ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ૨૨મી માર્ચ સુધીમાં આ બન્ને ઉમેદવારોની વિધિવત્ ઘોષણા કરી દેવામાં આવશે તેમ કોંગ્રેસના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લામાંથી આમ તો શંકરસિંહ વાઘેલા ઉપરાંત નવિનભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ અને હાલ અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલ સંસદની ચૂંટણી લડી ચૂક્યા છે. આ પૂર્વે શામળદાસ પટેલ સ્વતંત્ર પક્ષમાંથી અને ત્યારબાદ સંસ્થા કોંગ્રેસમાંથી ચૂંટણી લડી ચૂક્યા છે. જે નોંધનીય છે.

## જલાઉ લાકડા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આયોજન કરતી પ્રત્યેક સોસાયટી કે સંસ્થાઓને ૧૫ મણ સુધીના લાકડા મળી રહે તે મુજબના પર્યાપ્ત લાકડાની વ્યવસ્થા છે. વનંતત્ર દ્વારા ૪૫ રૂપિયે મણ લાકડાનુ વેચાણ કરાશે. હોળી દહનનો કાર્યક્રમ શહેરના અનેક સેકટરોમાં ઠેર ઠેર થાય છે.જયારે પર્યાવરણ પ્રેમીઓ આ મામલે એક સેકટરમાં બે થી વધુ ઠેકાણે આ કાર્યક્રમ ન થવો જોઈએ તેમ પણ માની રહ્યા છે.

## 'બોટ' યાત્રા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વારાણસી જવા રવાના થયાં હતાં. પ્રિયંકાની બોટ પ્રચાર યાત્રા ૧૪૦ કિ.મી.ની હશે. આ યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધી પીએમ મોદીને સીધો જવાબ આપશે. યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધી વિવિધ મંદિરનાં દર્શન પણ કરશે.

ગ્રામ્ય વિસ્તારના લોકો સાથે પ્રિયંકાએ મુલાકાત કરી હતી. આ દરમિયાન કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ભાજપ સત્તાને હાથમાં રાખીને જનતાને પરેશાન કરી રહ્યું છે. લોકતંત્રનો અર્થ જનતાનો અવાજ સાંભળવાનો છે. આજે કોઈ જનતાની વાત સાંભળવા તૈયાર નથી. જનતા તેની માગ સરકાર સામે મુકે તો તેની પર લાઠી ચાર્જ કરાઈ રહ્યો છે.

પ્રિયંકાએ ગ્રામીણોને કહ્યું કે, તમે પહેલા વિચારો , સમજો અને પછી જ તમારો વોટ આપો. કોંગ્રસની સરકારમાં તમને મનરેગા મળી. જે રાજ્યોમાં સરકાર આવી ત્યાંના ખેડૂતોનું દેવુ માફ કરાયું. જ્યારે ભાજપના શાસનકાળમાં નક્કી કરાયેલા ઉદ્યોગપતિઓનું જ દેવુ માફ કરવામાં આવ્યુ. દેશમાં મહિલાની સુરક્ષા અને ખેડુતોનું દેવું માફ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. તેમણે ભાજપ પર વ્યંગ કરતાં કહ્યું હતું કે ચોકીદાર માત્ર અમીરોના જ હોય છે.ભાજપ ચોકીદારના નામે ભ્રામક પ્રચાર કરી રહી છે. દેશમાં અનેક યુવક બેરોજગાર છે.

દોઢ વર્ષની અંદર પ્રિયંકાનો પ્રયાગરાજ ખાતેનો આ બીજો પ્રવાસ છે. આ પહેલા તેઓ ૨૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ પ્રયાગરાજ આવી ચુક્યા છે. ત્યારે સોનિયા સાથે રાહુલ ગાંધી આવ્યા હતા.

## પાર્થિવદેહ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સંખ્યામાં લોકો તેમના આવાસ પર પહોંચ્યા હતા. મોડેથી તેમના પાર્થિવ શરીરને ભાજપ ઓફિસ પર લઈ જવામાં આવ્યા બાદ ત્યાં પણ મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. મનોહર પારિકરના આવાસ પર અગાઉ તેમના પાર્થિવ શરીરને લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેમના સમર્થકો શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટી પડ્યા હતા. મોડેથી સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોંચ્યા હતા. ભાજપના તમામ નેતાઓ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચી ગયા હતા. સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત પણ કરવામાં આવ્યા બાદ ગોવામાં તમામ ઈમારતો પર રાષ્ટ્રીય ધ્વજઅડધી કાઠીએ રહેશે.ગઈકાલે રવિવારે સાંજે પારિકરનુ લાંબી માંદગી બાદ અવસાન થતાં ભાજપમા અને તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ૬૩ વર્ષીય મનોહર પારીકર લાંબા સમયથી કેન્સરથી ગંભીર સંઘર્ષ કરી રહ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૧૮માં જ મનોહર પારીકરને પેનક્રિયાટીક કેન્સર હોવાની જાણ થઈ હતી. તેઓ ગોવા, મુંબઈ, દિલ્હી અને ન્યુયોર્કની હોસ્પિટલમાં સારવાર લઈ ચુક્યા હતા. જે દિવસોમાં તેઓ ગંભીર બિમાર હતા ત્યારે પણ રાજ્યની વિધાનસભામાં ૨૦૧૯-૨૦નું બજેટ કરવા માટે પહોંચ્યા હતા. જૂન ૧૯૯૧માં મનોહર પારીકરે રાજનીતિમાં એન્ટ્રી કરીને નોર્થ ગોવા બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી હતી પરંતુ કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા હતા. ચાર સભ્યો સાથે ગોવા વિધાનસભામાં નવેમ્બર ૧૯૯૪માં ભાજપે એન્ટ્રી કરી હતી. મનોહર પારીકર નંબર ૧૩ને લઈને હંમેશા શુભ ગણતા હતા. તેમના વાહનના નંબરમાં પણ ૧૩ ઉમેરતા હતા જ્યારે તેઓ ઓફિસમાં હતા ત્યારે વાહન નંબર ૧૩૧૩ રાખવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૦માં મુખ્યમંત્રી પદ સંભાળતા પહેલા જ તેમના પત્નીનું પણ કેન્સરના કારણે નિધન થયું હતું. ગોવામાં મુખ્યમંત્રી તરીકે લાંબા ગાળા સુધી તેઓએ સેવા આપી હતી. નવેમ્બર ૨૦૧૪માં ઉત્તરપ્રદેશમાંથી રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા હતા. ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે જ્યારે ઉરીમાં ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરીને ૧૯ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા ત્યારે મનોહર પારીકર દેશના સંરક્ષણ મંત્રી તરીકે હતા. ત્યારબાદ ભારતે પ્રથમ વખત એલઓસી પાર કરીને ત્રાસવાદી કેમ્પોને સર્જિકલ હુમલાથી ફુંકી માર્યા હતા. ૨૦૧૭માં ગોવામાં જ્યારે જરૂર પડી ત્યારે તેઓએ સંરક્ષણ મંત્રી તરીકે રાજીનામુ આપીને ચોથી વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા. તમામ રાજકીય પક્ષોના નેતાઓ પારિકરને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચી રહ્યા છે.

## નામમાં ફેરફાર

હું રોનકકુમાર બાબુભાઈ શુક્લા અગાઉ રોનક બાબુભાઈ શુક્લા તરીકે ઓળખાતો હતો. જે હવે રોનકકુમાર બાબુભાઈ શુક્લા તરીકે ઓળખાઈશ. જે ગેજેટમાં (૫મી ફેબ્રુઆરી, ૨૦૦૯)માં પ્રસિદ્ધ થયેલ છે.

**રોનકકુમાર શુક્લા**